છોટાઉદેપુર તાલુકા પંચાયતમાં ટાઈ છતાં ભાજપે સત્તા મેળવી : 'આપ'નો લોકશાહી માટે "કાળો દિવસ"નો આક્ષેપ

છોટાઉદેપુર 'આપ'નો બહિષ્કાર, ભાજપના પ્રમુખ ચૂંટાયા

છોટાઉદેપુર તાલુકા પંચાયતની ચૂંટણી પૂર્વે 'આપ'ના 3 સભ્યોનું અજાણ્યા બુકાનીધારીઓ દ્વારા અપહરણ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.23

છોટાઉદેપુર તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા ભારે હંગામો જોવા મળ્યો હતો. આજરોજ હિંસા, અપહરણના આક્ષેપો અને નાટકીય દ્રશ્યો વચ્ચે સંપન્ન થઈ છે, જેને આમ આદમી પાર્ટીએ લોકશાહી માટે "કાળો દિવસ" ગણાવ્યો છે. ૨૬ સભ્યોના ગૃહમાં ભાજપ અને 'આપ' બંને પાસે ૧૩-૧૩ સભ્યો હોવાથી ટાઈની સ્થિતિ હતી. પરંતુ ચૂંટણી પૂર્વે જ 'આપ'ના ત્રણ સભ્યો ને ઉઠાવી જતાં, અને અન્ય સભ્યો ઉપર હુમલો કરાતા નાસભાગ મચી હતી અને માત્ર ભાજપના ૧૩ સભ્યોની હાજરીમાં ચૂંટણી અધિકારીએ ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ વિજેતા જાહેર કર્યા છે.

ચૂંટણીમાં મતદાન કરવા માટે આવી રહેલા આમ આદમી પાર્ટીના ત્રણ સભ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા. તાલુકા પંચાયત કચેરી અને પોલિટેકનિક કોલેજના હાઈ-સિક્યોરિટી કમ્પાઉન્ડમાં મોઢા પર માસ્ક બાંધેલા ૧૦ થી ૧૫ જેટલા અજાણ્યા શખ્સો ઘૂસી આવ્યા હતા. આ ટોળકીએ 'આપ'ના સભ્યોનું બળજબરીપૂર્વક અપહરણ કર્યું હતું અને પ્રતિકાર

કરનાર સભ્યો અને એક મહિલા સભ્ય પર હિંસક હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન ત્યાં હાજર પોલીસ તંત્ર માત્ર મૂકપ્રેક્ષક બનીને જોતું રહ્યું હોવાનો આમ આદમી પાર્ટીના આગેવાનો એ ગંભીર આક્ષેપ કર્યો હતો.

અપહરણ કરાયેલા 'આપ'ના ચૂંટાયેલા સભ્યો નાયક દેવલાભાઇ, રાઠવા રમેશભાઈ તથા રાઠવા બાવાભાઈના પરિવારજનો સહિત પાર્ટીના કાર્યકર્તાઓ એ કચેરી બહાર ભારે હલ્લાબોલ કર્યો હતો. આ દરમિયાન ચૂંટણી પ્રક્રિયા માટે આવી પહોંચેલા પ્રાંત અધિકારીની ગાડીને પરિવારજનોએ ઘેરી લીધી હતી. "અમારા સભ્યો ક્યાં છે તે પહેલા બતાવો" તેવી ઉગ્ર માંગ સાથે પરિવારજનો પ્રાંત અધિકારીની ગાડીની આગળ રસ્તા પર આડા સૂઈ ગયા હતા. પરિસ્થિતિ એટલી હદે તંગ બની ગઈ હતી કે પ્રાંત અધિકારીએ પોતાની ગાડી પાછી વાળીને લઈ જવાની ફરજ પડી હતી.

આમ આદમી પાર્ટીના વિધાનસભા પ્રભારી વિનુભાઈ રાઠવાએ આ સમગ્ર ઘટનાને એક સુનિયોજિત કાવતરું ગણાવ્યુ હતું . તેમણે આક્ષેપ કર્યો છે કે, "'આપ'ના આગેવાનો અને કાર્યકરોને કચેરીની બહાર જ રોકી રાખવામાં આવ્યા હતા જેથી અંદર આ ગુનાહિત કૃત્યને અંજામ આપી શકાય. પોલીસ અને વહીવટી તંત્રની ભૂમિકા આ સમગ્ર મામલામાં શંકાસ્પદ હોવાનો આક્ષેપ કર્યો હતો. 'આપ'ના કાર્યકર્તાઓએ સભ્યોને પાછા લાવી લોકશાહી ઢબે ચૂંટણી યોજવાની હઠ પકડી હતી.

ભાજપને સ્પષ્ટ બહુમતી: 24માંથી 19 બેઠકો પર મેળવી હતી જીત

બોડેલી તાલુકા પંચાયત: હેમલતાબેન કોલી પ્રમુખ અને રમણભાઈ નાયકા ઉપપ્રમુખ જાહેર

બોડેલી તાલુકા પંચાયતમાં ભાજપ પ્રેરિત નવી બોડીની બિનહરીફ તાજપોશી

(પ્રતિનિધિ) બોડેલી, તા.23

બોડેલી તાલુકા પંચાયતમા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમા 24 માંથી ભારતીય જનતા પાર્ટીના 19 સદસ્યોએ જીત મેળવી ભાજપાને સ્પષ્ટ બહુમતી મળી હતી.બોડેલી તાલુકા પંચાયતમા પ્રમુખ, ઉપપ્રમુખની વરણી માટેના ફોર્મ પાર્ટીના મેન્ડેટ થી ભરવામા આવ્યા હતા.જેમા ભાજપાના 19 સદસ્યોની સંમતિથી પ્રમુખ પદ માટે હેમલતાબેન હિતેશભાઈ

કોલી અને ઉપપ્રમુખ માટે રમણભાઈ રામાભાઈ નાયકાનુ ફોર્મ ભરવામા આવ્યુ હતુ.સામે પક્ષે ફોર્મ ન ભરવામા આવતા આજે બોડેલી તાલુકા પંચાયતના સભાખંડમા યોજાયેલ પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમા પ્રમુખ તરીકે હેમલતાબેન હિતેશભાઈ કોલી અને ઉપપ્રમુખ તરીકે રમણભાઈ રામાભાઈ નાયકાની બિનહરીફ વરણી થઈ હતી.જેને લઇ ભાજપાના કાર્યકર્તાઓએ ભારત માતા કી જય અને વંદે માતરમના નારાઓથી સભાખંડ ગજવ્યો હતો.બિનહરીફ ચૂંટાયેલ પ્રમુખ હેમલતાબેન અને ઉપપ્રમુખ રમણભાઈએ તાલુકા પંચાયતના તમામ સદસ્યો,ભાજપાના પદાધિકારીઓ, સાંસદ, ધારાસભ્યો અને કાર્યકર્તાઓનો આભાર પ્રગટ કર્યો હતો.આમ બોડેલી તાલુકા પંચાયતમા ભાજપાના પ્રમુખ, ઉપપ્રમુખ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

પાવીજેતપુર તાલુકા પંચાયતની નવી બોડી સત્તા પર

પાવીજેતપુર તાલુકા પંચાયત: નયનાબેન રાઠવા પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટાયા

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.23

પાવીજેતપુર તાલુકા પંચાયતમાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે નયનાબેન રાકેશકુમાર રાઠવા તથા ઉપપ્રમુખ તરીકે વીનાબેન ભાવેશકુમાર રાઠવાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. થોડા સમય પહેલા સમગ્ર ગુજરાતમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ યોજાઈ હતી. જેમાં પાવીજેતપુર તાલુકા પંચાયતની કુલ 18 બેઠકોમાંથી ભાજપે 14 બેઠકો જીતી સ્પષ્ટ બહુમતી મેળવી હતી. જ્યારે કોંગ્રેસને 2 બેઠકો અને આમ આદમી પાર્ટીને 2

બેઠકો મળી હતી.

આજરોજ પાવીજેતપુર તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે નયનાબેન રાકેશકુમાર રાઠવા, ઉપપ્રમુખ તરીકે વીનાબેન ભાવેશકુમાર રાઠવા, કારોબારી અધ્યક્ષ તરીકે સચિનભાઈ પ્રવિણભાઈ રાઠવા તેમજ દંડક તરીકે સભ્યોની વરણી કરવામાં આવી હતી.

નવા હોદ્દેદારોની વરણી બાદ ભાજપના કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યકરોએ મીઠાઈ વહેંચી, ફટાકડા ફોડ્યા તેમજ ડીજેના તાલે વરઘોડો કાઢી ઉજવણી કરી હતી.

શિનોર નાગરિક બેન્ક તરફથી સભાસદોને સ્મૃતિ ભેટ અર્પણ

(પ્રતિનિધિ) શિનોર, તા.23

શિનોર મુકામે આવેલ ધી. શિનોર નાગરિક સહકારી બેન્ક ના બોર્ડ ઓફ ડિરેકટરો દ્વારા "તેરા તુજકો અર્પણ" બેક ના વાર્ષિક નફામાં બેન્ક ના સભાસદો પણ ભાગીદાર હોય બોર્ડ ઓફ ડિરેક્ટરો દ્વારા દરેક સભાસદો ને દર વર્ષે ચાલુ વર્ષે પણ મસાલા ની કીટ આપતા સૌ સભાસદો મા આનંદ ની લાગણી સાથે બેન્ક ના સુચારું વહીવટ ની ચર્ચા સાથે સભાસદોમાં ખુશી ની લહેર જોવા મળી હતી.

શિનોર ની ધી. શિનોર નાગરિક સહકારી બેન્ક લી. દ્વારા અને સૌ સભાસદો દ્વારા બેન્ક ના બોર્ડ ઓફ ડિરેક્ટરોએ કેળવેલ વિશ્વાસ ને લઈને પક્ષા પક્ષી એક બાજુએ મૂકીને બિનહરીફ ચૂંટણી યોજાય છે. ચૂંટાયેલ બેન્ક

ના ડિરેકટરો દ્વારા પણ સભાસદો અને હોદેદારો ના વિશ્વાસ ને લઈને ચેરમેન, વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટરની બિન હરીફ વરણી કરાય છે. બેન્ક ના બોર્ડ ઓફ ડિરેક્ટર અને હોદેદારો દ્વારા બેન્ક ના સભા સદો ના સહકાર થી બેન્ક પ્રગતિ ના શિખરો સર કરી જીરો ટકા એનપીકે દર વર્ષે ઓડિટ વર્ગ (અ) સાથે નફા મા દર વર્ષે વધારો થાય છે. ત્યારે બેન્ક ના બોર્ડ ઓફ ડિરેક્ટરો દ્વારા પણ નફા મા સૌથી વધુ સભા સદો નો ફાળો હોય સભાસદો ને છેલ્લા 6 (છ) વર્ષથી સ્મૃતિ ભેટ અપાય છે.

દિલ્લી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પરથી ૧૬ ભેંસો ભરેલી ટ્રક ઝડપાઈ

પાદરા : પાદરા તાલુકાના સરસવણી ગામની સીમમાં આવેલ દિલ્લી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર પશુઓને ક્રૂરતાપૂર્વક ભરેલી ટ્રક ઝડપાતા પાદરા પોલીસ દ્વારા ત્રણ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટનામાં ૧૬ ભેંસોને કથિત રીતે કતલખાને લઈ જવાતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. નવસારી જિલ્લાના ચીખલી ખાતે રહેતા અને છેલ્લા ૧૫ વર્ષથી હિંસા નિવારણ સંઘ તથા પીપલ્સ ફોર એનિમલ સંસ્થામાં સેવા આપતા મહાવીરકુમાર હરખચંદ જૈને પાદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. બાતમી મળી હતી કે આણંદ જિલ્લાના ભાલેજ વિસ્તારમાંથી ટાટા એલ.પી. ટ્રકમાં ભેંસો ભરી દિલ્લી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે મારફતે સુરત તરફ લઈ જવાઈ રહી છે.

શિનોરના માંડવા નર્મદાકિનારે સહેલાણીઓનો ભારે ઘસારો

(પ્રતિનિધિ) શિનોર, તા.23

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં મિની ગોવા તરીકે ઓળખાતા માંડવા ગામ નજીક આવેલ બાવા પ્યારે દરગાહ પાસે ના નર્મદા નદી કિનારે હજારોની સંખ્યામાં સહેલાણીઓ પોતાના પરિવાર સાથે ન્હાવા ની મજા માણવા ઉમટી પડ્યાં હતાં.

વડોદરા શહેર થી માત્ર 55 કિલોમીટર ના અંતરે નર્મદા નદી કિનારે આવેલું માંડવા ગામ સહેલાણીઓ માટે એક આકર્ષક સ્થળ બની ગયું છે.માંડવા ગામ નજીકના બાવા પ્યારે દરગાહ પાસે આવેલ નર્મદા નદી ના કિનારા ને વડોદરાનું મીની ગોવા તરીકે ઓળખાય છે. ઉનાળા ની કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે ખાસ કરીને વેકેશન દરમિયાન દરરોજ હજારોની

સંખ્યામાં સહેલાણીઓ પોતાના પરિવારો સાથે ઉમટતા હોય ભારે ભીડ જોવા મળે છે.

નર્મદા નદીનો વિશાલ અને સ્વચ્છ કિનારો નર્મદા નદીની વિશેષતા છે. નદીના વહેતા પાણી ના કારણે સહેલાણીઓ કલાકો સુધી ન્હાવા ની મોજ માણતા જોવા મળે છે. નર્મદા નદીના કિનારે ઊંટ સવારી ની પ્રવુતિ સહેલાણીઓને ભારે આકર્ષે છે.બાળકો માટે હવા ભરેલી ટ્યુબો નજીવા ભાવે મળે છે,જે તેમની મસ્તીમાં વધારો કરે છે.આ ઉપરાંત નાસ્તાની રેકડીઓ અને ખાણીપીણીની સુવિધા પણ અહીં સરળતાથી ઉપલબ્ધ છે.

દુર્ગંધના કારણે ગ્રાહકો બજારમાં આવતા સંકોચાયા

બોડેલી મુખ્ય માર્ગ પર દૂષિત પાણી ફરી વળ્યા, વહેપારીમાં રોષ

(પ્રતિનિધિ) બોડેલી, તા.23

બોડેલી શહેરના મુખ્ય બજાર વિસ્તારમાં આવેલી જલારામ આઈ હોસ્પિટલ સામે છેલ્લા બે દિવસથી ગટર લાઇન લીકેજ થતા દૂષિત અને દુર્ગંધયુક્ત પાણી રોડ પર ફેલાઈ રહ્યું છે. મુખ્ય માર્ગ પર ગંદુ પાણી ભરાતા વેપારીઓ અને રાહદારીઓ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે.બોડેલી વેપાર ક્ષેત્રે આગળ હોવાથી ત્યાં રોજના હજારો લોકો ની અવર જવર થતી હોય છે ત્યારે આરિતના ગટરનું પાણી રોડ પર વહેતા સમગ્ર વિસ્તારમાં અસહ્ય

દુર્ગંધ ફેલાઈ ગઈ છે. કાળઝાળ ગરમી વચ્ચે વેપારીઓ માટે દુકાનમાં બેસવું મુશ્કેલ બની ગયું છે. સ્થાનિક વેપારીઓએ જણાવ્યું હતું કે દુર્ગંધના કારણે ગ્રાહકો પણ દુકાનો સુધી પહોંચતા સંકોચ અનુભવી રહ્યા છે, જેના કારણે વેપાર ઉપર સીધી અસર પડી રહી છે.

શૂન્યથી ૧૫ વર્ષના બાળકો માટે નિ:શુલ્ક આયોજન

કરજણ ખાતે નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પ: ૧૧૦૦થી વધુ બાળકોએ લાભ લીધો

(પ્રતિનિધિ) કરજણ, તા.23

કરજણ નગર અને આસપાસના વિસ્તારોમાં બાળકોના સ્વાસ્થ્ય અને રોગપ્રતિકારક શક્તિને વેગ આપવા માટે એક અનોખો અને પ્રશંસનીય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. અદિતિ ગૌશાળા ગવ્યધારા પંચગવ્ય ચિકિત્સા સંસ્થા દ્વારા કરજણ તાલુકાના સાત જુદા જુદા સ્થળોએ નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૦ થી ૧૫ વર્ષ સુધીના ૧૧૦૦થી વધુ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપાં

પીવડાવવામાં આવ્યા. આ પહેલ બાળકોના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

પ્રાચીન ભારતીય આયુર્વેદિક પરંપરામાં સુવર્ણપ્રાશનનું વિશેષ મહત્વ છે. તે બાળકોની રોગપ્રતિકારક શક્તિ વધારવા, શારીરિક અને માનસિક વિકાસને વેગ આપવા, યાદશક્તિ સુધારવા અને સામાન્ય રોગો સામે રક્ષણ આપવા માટે જાણીતું છે. આધુનિક વિજ્ઞાન પણ સુવર્ણના સૂક્ષ્મ કણોના ઔષધીય ગુણધર્મોને સ્વીકારે છે, જે શરીરની અંદરના કોષોને મજબૂત બનાવવામાં મદદ કરે છે. આવા સમયે, અદિતિ ગૌશાળા ગવ્યધારા પંચગવ્ય ચિકિત્સા સંસ્થા દ્વારા આયોજિત આ કેમ્પ ખરેખર પ્રશંસનીય છે.

વડોદરાનું ગૌરવ : સરકારી શાળાના વિદ્યાર્થીની જાપાન માટે પસંદગી

(પ્રતિનિધિ) પાદરા, તા.23

સામાન્ય રીતે સમાજમાં એવી માન્યતા જોવા મળે છે કે ઉચ્ચ ગુણવત્તાવાળું અને વૈશ્વિક સ્તરનું શિક્ષણ માત્ર મોંઘી ખાનગી શાળાઓમાં જ ઉપલબ્ધ હોય છે. પરંતુ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વડોદરા હસ્તકની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ), ડબકા, તા. પાદરા, જિ. વડોદરાએ આ માન્યતાને ખોટી સાબિત કરી અનોખું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. શાળાએ સાબિત કર્યું છે કે સરકારી શાળાઓમાં પણ ઉત્તમ અને આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યભરમાંથી માત્ર

ચાર વિદ્યાર્થીઓની પ્રતિષ્ઠિત "સકુરા સાયન્સ પ્રોગ્રામ-2026" માટે પસંદગી કરવામાં આવી છે, જેમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ), ડબકાના ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રતિભાશાળી વિદ્યાર્થી પુરવેશકુમાર પ્રવીણસિંહ પઢિયારની પસંદગી થવી સમગ્ર વડોદરા જિલ્લા માટે ગૌરવની બાબત બની છે.

શ્રી સાંઈસેવા સમિતિ પાદરા દ્વારા ભવ્ય ભંડારાનું આયોજન

પાદરા : પાદરા નગરના સ્ટેશન રોડ પર આવેલ શ્રી સાંઈબાબા મંદિર ખાતે શ્રી સાંઈસેવા સમિતિ, પાદરા દ્વારા શ્રી સાંઈબાબાના આશીર્વાદથી ભવ્ય ભંડારો તથા વિષ્ણુયાગનું ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. અધિક જેઠ સુદ-૭, શુક્રવાર તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ યોજાયેલા આ પાવન કાર્યક્રમમાં પાદરા તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં સાઈભક્તો અને ધર્મપ્રેમી જનતા ઉમટી પડી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ઠેકસ : ૨૫૬૬૬૬૦

Fast Deal
પાલ, પાલનપુર વિસ્તારમાં કેશ પેમેન્ટમાં પ્રોપર્ટી લે-વેચ માટે મળો
73830 18982
98793 16241

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

જમીન વેચવાની છે
બારડોલી તાલુકાના કડોદ ગામે, લક્કડકોર્ટમાં સીટીસર્વે નં.૩૨, સર્વે નં. ૨૯૪૮/બ, ક્ષેત્રફળ ૨૦૨૩૦ સ્કે.ફીટ (૧૯ ગુંઠ) જમીન વેચાણથી આપવાની છે. રસ ધરાવનાર જમીન માલિકનો સંપર્ક કરે.
:મોબાઈલ:
8160747562
9898086816

શૈક્ષણિક સંસ્થા માટે અંદાજિત 3,000 વાર જમીન અથવા તૈયાર સ્કૂલ
વેસુની આસપાસ 5 કિલોમીટરના વિસ્તારમાં વેચાણથી અથવા લોંગ લીઝ પર જોઈએ છે
Mo-7069408897, 9909917199

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

કશ્મી ટુરીઝમ
ગોવા મહાબલેશ્વર પંચગીની AC બસ AC હોટલ 28/5 6352474903 (98)

મહાદેવ ટુર એન્ડ
ટ્રાવેલ્સ. મીની વીરપુર, સુરત (ઉજ્જૈન, ઓમકારેશ્વર), (દ્વારકા, સોમનાથ). (શિરડી, સાપુતારા) (આબુ, અંબાજી) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) 7802062340 (106)
(સાગર- 9427113317)
અધિકમાં સોમનાથ, નાગેશ્વર, દ્વારકા, સારંગપુર, (AC બસમાં) 18- જુન ગોવામાં 3 નાઈટ,

ઓમશિવ ટ્રાવેલ્સ
3- જૂન, હરિદ્વાર, ઋષિકેશ, ખાટુંશ્યામ, સાલાસર, પુષ્કર, શ્રીનાથજી. 27- મેં, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 28- મેં, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

વ્યવસાયીક ધંધાકીય

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

કુદરતી રીતે
પાકતી ખાત્રીવાળી ઓર્ગેનિક કેરી કેસર, રાજાપુરી મળશે. 15, અખંડઆનંદ પાર્ક, આંબાતલાવડી, સન્ડેહબની બાજુમાં, મનમંદિર રોડ, કતારગામ. સુરત. 9033769033, 7405509016

મિલ્કત વેચવાની છે

ફ્લેટ વેચવાનો છે
3 BHK, 1800 Sq .ft, જૂની કપાત Glass Balcony, Fully Furnished, 303, સન વીલા એપાર્ટમેન્ટ, મકનજી પાર્ક, અડાજણ રોડ. 9825187098, 9879661999

સ્વીટ રેસીડેન્સી
ઘરનં. ૧૯૮- ટોટલ ૧૨૨ વાર ૭૨ વારનું કન્સ્ટ્રીક્શન - ફોર બી.એચ.કે ૫૦ વારની ખુલ્લી જગ્યા. અમરોલી- છાપરાભાઠા: મો. ન: 8849481847

પ્લોટ વેચવાનો છે
185 વાર સીટીલાઈટ 9825109400

પ્લોટ વેચવાનો છે
૧૩૫ વાર વેસુ 7265069469

અડાજણ
આનંદ મહેલ રોડ પર 150 વારનું ઘર વેચવાનું દલાલ માફ. 9601662923

પાલ માં ૧૧૨ વારનો
પ્લોટ વેચવાનો છે. દલાલ માફ. 9601662923

ખેડૂત બની શકે
તેવો નાનો ટુકડો (જમીન) વેચવી છે વાંઝણા ગામ, ખારેલ ચોકડી નજીક, ચીખલી પાસે, 7/12 વાળા, 9763718010, 9374718010

૨૦૪ વારનો પ્લોટ
વેચવાનો. ગેલેક્સી સર્કલ દલાલ માફ. 9601662923

કોર્નરનું રોહાઉસ
વેચવાનું છે 236 ચો.વાર, જગ્યા, બધી સુવિધા ઉપલબ્ધ, આનંદમહેલ રોડ, અડાજણ 9426807658 (110)

૧૪૦૦૦ વાર પ્લોટ
વેચવાનો છે અલથાણમાં 9825100525 (112)

નવો 5bhk ફ્લેટ
વેચવાનો 1.72 crમાં વેસુ કેનાલ (લાલ ઈટનું બાંધકામ) 9825463599 (113)

નોકરી વિષયક

અમારે સાફ સફાઈ
થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

અનુભવી લેડીઝ ટ્યૂટીશ્યન
લેડીઝ સલોનના સુરતમાં અલગ અલગ બ્રાંચમાં જોઈએ છે. 8690027337 (107)

માસ્ટર વેલ્ડર
અને ફિટર જોઈએ છે 3 થી 5 વર્ષના અનુભવી પમ્પિંગના જાણકાર કોંટેક્ટ- 9327033734/ 7861872042 (103)

ઓફિસ સ્ટાફ જોઈએ
છે ડેટા એન્ટ્રી માટે એકાઉન્ટન્ટ- ફુલ TIME, ઉંમર ૩૫ વર્ષ સુધી ૫૦૧- એ, ૨૧સ્ટ સેન્ચુરી બિઝનેસ્સ સેંટર, માન દરવાજા, રિંગ રોડ, સુરત. મોં- 9909916204

Required
immediately: Presidency School (Eng. Med.) Pragati Society, Tadwadi, New Rander Road, Surat. (1) B.Sc. B.Ed. - Maths (Primary : Eng. Med.) (2) B.A.B.Ed. : English (F. L.) & Hindi (Primary & Secondary: Eng. Med.)(3) M.Com, B.Ed., : A/c., Stat. : (Higher Sec. : Eng. Med.) Candidates are requested to meet personally on dt. : 26, 27 & 28 May, 2026 between 11.00 A.M. to 12.00 P.M. with handwritten application,Original & Xerox Certificates & Passport size Photo. (must join immediately.)

જોઈએ છે
મહેનતું પરચુરણ કામ/ સેલ્સમેન. પગાર 10000/ 15000. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9374711161

શિક્ષકો જોઈએ છે
અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ જરૂરી લાયકાત વાળા ઉમેદવારોએ રૂબરૂ મળવું ઓરબીટ સ્માર્ટ સ્કુલ અટોદરા ઓલપાડ મો. 9714475006

સુરતની વર્ષોથી
જાણીતી વિઝા કંપનીમાં અનુભવી ડિજિટલ માર્કેટિંગ પેજ હેન્ડલિંગ અને ઓફિસવર્ક, અંગ્રેજી જાણકાર ફીમેલ તાત્કાલિક જોઈએ છે. જહાંગીરાબાદમાં 8511064035

Smv Hospital
ભાગળતળાવ મેઈન રોડ, પ્લોટ નં 11A/215, રોડ ટચ, 900 સ્કેવર ફૂટ કાર્પેટ એરિયાવાળી જગ્યા ભાડે આપવાની છે. મો:. 7820027373 (109)

વાપી ઝંડા ચોક
વિસ્તારમાં લેડીઝ વેર દુકાનમાં પરચુરણ કામ માટે યંગ સ્માર્ટ લેડીઝ જોઈએ છે. (આકર્ષક પગાર) 9638334622

જરૂરી
લાયસન્સ ધરાવતા ફાર્માસિસ્ટ (બી.ફાર્મ/ ડી.ફાર્મ) સૈફી મેડિકલ ઉધના માટે, 8866013052, પર કોલ કરો.

જોઈએ છે
હિન્દી માધ્યમ ધોરણ 1 થી 4માં બધા વિષયો ધોરણ 5 થી 8 ગણિત વિજ્ઞાન અંગ્રેજી સામાજિક વિજ્ઞાન ગુજરાતી હિન્દી સંસ્કૃત ભણાવી શકે તેવા બહેનોએ રૂબરૂ મળવું અનુરાગ હિન્દી વિદ્યાભવન ગાયત્રી સોસાયટી, પરવત પાટીયા, સુરત. મો- 7573998091

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.